# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્યમાં ચૂંટણી પ્રચારના પડઘમ આજથી શાંત- મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા ચૂંટણી તંત્ર પ્રતિબધ્ધ...
- રાજ્યભરમાં આજે જીલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા રન ફોર વોટ રેલી યોજાઇ- મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ મતદારોને મત આપવા અપીલ કરી.
- 75 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધીઓ લોકસભા ચૂંટણીના વિવિધ પાસાઓની માહિતી મેળવવા આજથી નવમી મે સુધી ગુજરાત સહિત છ રાજ્યોની મુલાકાતે..
- મતદાનના દિવસે નાગરિકો પ્રોત્સાહન સાથે મતદાન કરે તે માટે વિવિધ હોટેલ, મોલ, દુકાનો અને રિસોર્ટ દ્વારા પાંચથી 30 ટકાનું ડિસ્કાઉન્ટ જાહેર કરાયું..
- સુરત અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આગામી દિવસોમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી હવામાન વિભાગની આગાહી...

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## ELE. CAMPING- KULDIP AARY

રાજ્યમાં આજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા. અધિક મુખ્ય ચૂંટણી અધિકારી ડો. કુલદીપ આર્યએ આજે સાંજના છ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ જાહેર કર્યો છે. રાજ્યમાં મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા ગુજરાતનું ચૂંટણી તંત્ર પ્રતિબધ્ધ છે. ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું રાજ્યભરમાં પાલન થાય તે માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાઇ છે. મતદાનની પ્રક્રિયાઓ મતદારો માટે સુખદ અનુભવ બની રહે તે માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

આ અંગે વધુ માહિતી આપે છે અધિક મુખ્ય ચૂંટણી અધિકારી ડો. કુલદીપ આર્ય...

### (બાઇટ- કુલદીપ આર્ય)

## GUJ. RUN FOR VOTE

રાજ્યભરમાં આજે જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા 'રન ફોર વોટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ ગાંધીનગરમાં 'રન ફોર વોટ' રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી સ્વર્ણિમ પાર્કની સરદાર પટેલની પ્રતિમાથી ઘ-૪ થઇ મહાત્મા મંદિર પહોંચી હતી, જેમાં 2500 જેટલા નાગરિકો સહભાગી થયા હતા.

રેલીને પ્રસ્થાન કરાવતાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કહ્યું હતું કે, લોકશાહી દેશમાં મતદારો આધારસ્તંભ છે. લોકશાહીના આ અવસરે મહિલા મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ અર્થે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે મહિલા સહિત સર્વે મતદારોને મતદાન કરવા અપીલ કરી છે.

(બાઇટ- પી.ભારતી)

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘રન ફોર વોટ’ના કાર્યક્રમમાં ર હજારથી વધુ યુવાનો, પોલીસ જવાનો, શિક્ષકો તેમજ નાગરિકો જોડાયા હતાં..અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના હસ્તે 'રન ફોર વોટ’ને ફ્લેગ ઓફ કરાઇ હતી..

# RUN FOR VOTE- DIST.

રાજ્યમાં યોજાનારી લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે નાગરિકો વધુમાં વધુ મતદાન કરે તે હેતુથી આજે રાજ્યભરમાં રન ફોર વોટ કાર્યક્રમ અંતર્ગત રેલી અને દોડનું આયોજન કરાયું..

જે અંતર્ગત તાપી જિલ્લામાં "રન ફોર વોટ" અંતર્ગત બે અને પાંચ કિલોમીટરની દોડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પોરબંદરમાં રન ફોર વોટ અંતર્ગત મતદાર જાગૃતિનો સંદેશ આપતી મહારેલીને જિલ્લા ચૂંટણી અધિકારી તથા કોસ્ટગાર્ડના વડાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

પાટણમાં સરદાર પટેલ રમતગમત સંકુલથી રાણકીવાવ સુધી રન ફોર વોટ મેરેથોન યોજાઇ, જેમાં વિદ્યાર્થીઓએ લોકોને અચૂક મતદાન કરવા અપીલ કરી હતી.

'રન ફોર વોટ' થકી અવશ્ય મતદાન કરવાનો છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

જુનાગઢની કૃષિ યુનિવર્સિટીમાં રન ફોર વોટ કાર્યક્રમ અંતર્ગત દોડનું આયોજન કરાયું..

ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ચોપાટીથી ટાવર ચોક સુધી વોકેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭૦૦થી વધુ લોકો જોડાયા હતા.

બારડોલીના સ્વરાજ આશ્રમમાં "રન ફોર વોટ" કાર્યક્રમ અંતર્ગત મેરેથોન યોજાઈ, જેમાં લોકોએ મતદાન અવશ્ય કરવાના શપથ લીધા હતા.

બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી વરુણકુમાર બરનવાલે "રન ફોર વોટ" મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું..

રાજકોટના ગોંડલ, જામકંડોરણા, જસદણમાં વહીવટી તંત્ર દ્વારા "રન ફોર વોટ" કાર્યક્રમનું આયોજન કરાયું..

આણંદ, મોરબી, મહેસાણા, સુરેન્દ્રનગર, વલસાડ, રાજપીપળા, ડાંગ, ભૂજ, મહિસાગર, અમરેલી, ભાવનગર, જામનગર, વડોદરામાં "રન ફોર વોટ" કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઇ હતી, વિવિધ જીલ્લાના ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરે આ રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

# GUJ. ELECTION CAMPING

આગામી સાતમી મેના રોજ રાજ્યની 25 લોકસભા અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ વિધાનસભાની બેઠકોની ચૂંટણી માટે આજે સાંજે છ વાગ્યાથી જાહેર પ્રચારના પડઘમ શાંત થયા છે.

રાજ્યમાં યોજાનારી ત્રીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 12મી એપ્રિલે પ્રસિધ્ધ થયું હતું. લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે જ્યારે સુરત લોકસભાની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે.

આગામી સાતમી મેના રોજ રાજ્યમાં સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે અને સાંજે છ વાગ્યે પૂર્ણ થશે. મતદાનના દિવસે મતદાન માટે સવેતન રજા મળે છે, ન મળે તો 1950 પર ફરિયાદ કરી શકાય છે. મતદાન મથકે મોબાઇલ ફોન લઇ જઇ શકાશે નહીં.

આ ચૂંટણીઓમાં રાજ્યના ચાર કરોડ 97 લાખ 68 હજાર 677 મતદારો મતદાન કરશે, જેમાં 2 કરોડ 56 લાખ 16 હજાર 540 પુરુષો, 2 કરોડ 41 લાખ 60 હજાર 603 સ્ત્રીઓ અને ત્રીજી જાતિના 1 હજાર 534 મતદારો છે જેમાં બાર લાખ કરતાં વધુ પ્રથમ વખત મતદાન કરશે.

## CEC-DELEGATES

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે નવી દિલ્હીમાં 75 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓને લોકસભા ચૂંટણીના વિવિધ પાસાઓ વિશે માહિતી આપી હતી. તેમણે 23 દેશોની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ સંબોધિત કર્યા હતા. આ પ્રતિનિધિઓને ચૂંટણી પંચ દ્વારા લોકશાહીના મહાન પર્વને નિહાળવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ પ્રતિનિધિઓ ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ એમ છ રાજ્યોમાં અનેક લોકસભા બેઠકોની મુલાકાત લેશે. તેમનો પ્રવાસ કાર્યક્રમ આ મહિનાની 9મી મે સુધી ચાલશે.

## MATDAN JAGRUTI

કચ્છ જિલ્લામાં મતદાન કરનારા નાગરિકોને મતદાનના દિવસે હોટેલ, મોલ, રિસોર્ટ સહિત વિવિધ જગ્યાએ 5થી ૩૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ મળશે. જિલ્લામાં અલગ અલગ તાલુકામાં ૭૬ જેટલી સંસ્થાઓ, પેઢીઓ, રિસોર્ટ, દુકાનોમાંથી ડિસ્કાઉન્ટનો લાભ મતદારો મળશે. તો જીલ્લાના મોટા અંગિયા ગામે બાલિકા પંચાયત દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત રંગોળી અને કેન્ડલ માર્ચ જેવા કાર્યક્રમો યોજાયા.

ભાવનગરમાં તંત્રની સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બનવા ભાવનગર સ્વીટ અને ફરસાણ એસોસિએશન દ્વારા નવતર પ્રયોગ હાથ ધરાયો છે. મતદાનને દિવસે ભાવનગરમાં જે મતદારો મતદાન કરીને મિઠાઇ અને ફરસાણની ખરીદી કરશે તેમને સાત ટકા ડિસ્કાઉન્ટ અપાશે..

અરવલ્લી જીલ્લામાં રન ફોર વોટ, સાડી વોકેથોન, રંગોળી, મહેંદી સ્પર્ધા સહિતના કાર્યક્રમો દ્વારા મતદારોને મતદાન અવશ્ય કરવા અપીલ કરાઇ રહી છે.

તો રાજકોટમાં "મેગા વોટ કાર્નિવલ" કાર્યક્રમ યોજાયો, જેમાં રંગલો રંગલી નાટક,  જૂડો-કરાટે સ્ટન્ટ, લાઇવ ટેટૂ, ફન ગેમ્સ વગેરે દ્વારા મતદારોને જાગૃત કરાયા તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગાંધીગ્રામ વિસ્તારમાં સિનિયર સીટીઝન્સને મતદાન કરવા આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું..

બોરસદ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો, જેમાં દિવ્યાંગ રમતવીરો માટે સીટીંગ વોલીબોલની રમત સ્પર્ધાનું આયોજન કરાયું..

## BHARUCH/ DAMAN- ELE.

ભરૂચ જીલ્લાના આલિયાબેટમાં કે જ્યાં ચારે તરફ પાણી હોય છે ત્યાં મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે જ્યાં ૧૩૯ પરિવારોના અઢીસોથી વધુ મતદારો મત આપશે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરાનગર હવેલીના મુખ્ય ચૂંટણી અધિકારી અરૂણ ટીએ જણાવ્યું છે કે, ત્રણ જિલ્લામાં 4 લાખથી વધુ મતદાતાઓ છે અને દમણમાં લાઈવ વેબ streaming રૂમ બનાવવામાં આવ્યો છે.

# S. NAGAR- COLLECTOR PC.

સુરેન્દ્રનગર જીલ્લા તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ અંગેની પત્રકાર પરિષદ યોજાઇ હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.સી.સંપટે માહિતી આપતા જણાવ્યું કે, મતદાનની પ્રક્રિયાની ગુપ્તતા જાળવવા મતદાન મથકમાં મોબાઈલ પર પ્રતિબંધ લદાયો છે.

મતદાન માટેના જરૂરી દસ્તાવેજ અંગેની માહિતી આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચૂંટણી કાર્ડ ઉપલબ્ધ ન હોય તો આધાર કાર્ડ, મનરેગાનું જોબ કાર્ડ, બેન્ક પોસ્ટ વિભાગની ફોટોગ્રાફ સાથેની પાસબુક,પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ સહિત કુલ 12 પુરાવાથી મતદાન કરી શકાશે, સખત ગરમીને ધ્યાનમાં રાખીને મંડપ- છાંયડાની વ્યવસ્થા, ઠંડા પાણીની વ્યવસ્થા, ORS, મેડિકલ કીટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં સુરતમાં અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી શક્યતા વ્યક્ત કરી છે. ત્યારબાદ બે દિવસ બાદ પોરબંદર અને ભાવનગરમાં ગરમીનો પારો વધશે તેવી ભીતીથી યલો એલર્ટ જાહેર કર્યો છે. આગામી બે દિવસ રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં વધારો થઇ શકે છે. આજે સૌથી વધુ તાપમાન

ભાવનગરમાં 41 ડિગ્રી નોંધાયું હતું જ્યારે અમરેલીમાં 40.8 અને સુરતમાં 40 ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં 39.2 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી બેથી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં મહત્તમ તાપમાન વધી શકે છે.

# FOOTBALL

ગુજરાતમાં ફૂટબોલની રમતને પ્રોત્સાહન મળે તે માટે સૌપ્રથમ વખત ફ્રેન્ચાઇઝી બેઝ ફૂટબોલની પ્રારંભ એક્કા અરીના સ્ટેડિયમ ખાતે થયો છે. ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજિત આ રમતોત્સવમાં રાજ્યના જુદા જુદા છ શહેરોની ટીમો ભાગ લઈ રહી છે.

૧૨મે સુધી રમાનાર આ લીગના ત્રીજા દિવસે પ્રથમ મેચ ગાંધીનગર જાયંટ્સ તથા અમદાવાદ એવેંજર્સ વચ્ચે રમાઇ હતી. જેમાં અમદાવાદ એવેન્જર્સનો ગાંધીનગર જાયટ્સ સામે 1-0થી વિજય થયો હતો. બીજી મેચમાં કર્ણાવતી નાઇટ્સ તથા સુરત સ્ટ્રાઇકર વચ્ચે રમાયેલી મેચ ડ્રો થઇ હતી. જ્યારે ત્રીજી મેચ વડોદરા વોરિયર્સ તથા સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ વચ્ચે રમાઇ હતી જેમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સનો 1-0થી વિજય થયો હતો.